પૈસા કમાવાનો સાચો

કીમીઓ.

લખનાર તથા છપાવનાર

પ્રસાદ બ્રધર્સ એન્ડ કંપની.

મુંબઈમાં:—

"નિર્ણયસાગર" છાપખાનામાં છપાવ્યો.

સંવત્ ૧૯૬૨. સન ૧૯૦૬.

પૈસો મેળવવાના મુખ્ય બે ઉપાયો છે, એક સારો અને બીજો ખરાબ.

રસ્તામાં કોઇ છોકરૂં ઘરેણાં પ્હેરીને ચાલ્યું આવે છે, આગળ તથા પાછળ જોતાં કોઇ માણસ એટલામાં દેખાતું નથી; પાસે આવેલા માળાઓની બારીઓ બંધ છે અને તમને કોઇ દેખતું નથી એમ તમે માનો છો; ગાડીઘોડાનો ખડખડાટ કે મોટારકારનું ભૂં ભૂં સભળાતું નથી; કોઇપણ માણસનાં પગલાંનો અવાજ આવતો નથી; ટુંકામાં સાવ એકાંત છે.

તમારી પાસે પૈસો નથી; તમે પૈસાની શોધમાં છો; અને તમને રસ્તામાં આવા એકાંત સ્થળમાં કીંમતી ઘરેણાંથી શણગારેલું છોકરૂં મળી આવ્યું છે; તો હવે તમે શું કરશો ?

'તેનાં ઘરેણાં ઉતારીને ત્યાંથી પોબારાં ગણી જવાં.'

જો આવો તમને કદીપણ વિચાર આવે તો ભલા થઇને તમારાં પોતાનાંજ ભલાંને માટે તે વિચાર એકદમ છોડી દેજો; હજાર આંખુવાળો પરમેશ્વર તમને ચારે તરફથી જુવે છે એમ તમે ખાત્રીથી માનજો; અને આવી રીતે મેળવેલાં ઘરેણાંથી તમે પૈસાદાર થઇ શકો એ આશા સ્વપ્ને પણ નહિં રાખતા; કારણ કે ચોરાયેલો માલ તમારી પાસેથી વ્હેલો મોડો મળી આવશે અને વગર ભાડાંની કોટડીમાં તમને યાદ આવશે કે પૈસા મેળવવા માટે લીધેલો ઉપાય ખરાબમાં ખરાબ હતો.

તમે ખાત્રીથી માનજો કે કોઇપણ ચોર કે ખુની અંતે પકડાયા વિના રહ્યો નથી.

તમે કોઇ ઘરમાં નોકર છો, અને શેઠશેઠાણીનો તમારા ઉપર સારો ભરોસો છે; હવે આ ભરોંસાનો લાભ લેવાના વિચારથી શેઠશેઠાણીની નજર ચુકાવીને અથવા તો બહાર ગયાં હોય તે પ્રસંગનો લાગ જોઇને પૈસાદાર થવા માટે ત-

મારા ઉપર મૂકાયેલા વિશ્વાસ ઉપર તમે પાણી ફેરવો અને ઘરમાં ધામો દઇને નાશી જાઓ તો તે ચોરીનો ગુન્હો છે, વિશ્વાસનો ભંગ છે અને તેનું ફળ તિરસ્કાર, નિન્દા અને કેદખાનાનો દંડ છે.

લોકો તમને પ્રમાણિક માને છે, તમે પણ પ્રમાણિકતા બતાવીને લોકોનો વિશ્વાસ મેળવ્યો છે; વિશ્વાસુ માણસો તમારે ત્યાં થાપણ મૂકી જાય છે.

હવે કદાચ કમનશીબે તમને એકદમ પૈસાદાર થવાનો ખોટો વિચાર આવ્યો અને તેના પરિણામે તમે તમારે ત્યાં વિશ્વાસથી રખાયેલી થાપણો ઉચાપત કરી, તો તેનું પરિણામ શું આવશે તે તમે જાણો છો? 'ના.' તો સાંભળો.

તમારા નામને કલંક લાગવાનું; તમારો વિશ્વાસ કદીપણ કોઇ કરવાનું નહીં અને એટલુજ નહિ પણ ખરા અંતઃકરણથી નિકળેલા તમારી નિન્દાના ઉદ્ગારો શ્રાપરૂપે તમને ફળવાના અને વ્હેલા કે મોડા તમારા બધા પૈસા વ્યાજ સોતાં જવાના.

તમે કોઇ રાજકુમાર છો; વારસામાં, તમને બીક છે કે વખતે તમારી જગ્યા તમને મળશે નહિ અને તમે ભિખારી થઇ રહેશો. આવી સાચી કે ખોટી બીકને માટે ઉપાય લેવા તમારો વિચાર છે અને તમારે રાજ્યની તિજોરી હાથ કરવી છે તો તેનો શું ઉપાય લેવો? "રાજાને ફરવા લઇ જવા અને ત્યાં ગાડીનો અકસ્માત થતાં રાજા પરલોકમાં ગયા એવી યુક્તિ કાંઇ કરવી." આવો કે આવી જાતનો ખુની વિચાર આવે તો તરતજ તમારા પોતાના કોમળ ગાલ ઉપર તમારાજ હાથથી એક જોરથી તમાચો લગાવી દેજો અને એવા ખરાબ વિચારને મગજમાંથી સદાને માટે દૂર કાઢી નાખજો. તમે ઇતિહાસો વાંચ્યા નથી; નહિ તો એવા વિચારો આવવાનો સંભવ નથી. ઇતિહાસોમાં એક કરતાં વધારે દાખલાઓથી સાબીત થઈ શકે છે કે ખુનનો બદલો ખુન છે; તમે તમારા બાપને મારી નાખશો તો તમારો દીકરો તમને ચોકસ મારી નાખશે. કાળાંકર્મથી મેળ-

વેલી હાલતના માલેકોનાં મન વ્હેમી અને બીકણાળાં સદાને માટે રહે છે અને ગમે તેટલો પૈસો મેળવ્યા છતાં સુખે તેઓ તેનો લાભ લઈ શકતા નથી.

તમે કોઈ વેપારી છો; વેપાર બરાબર ચાલતો નથી; અને ઘરાકો તમારે ત્યાં જોયે તેટલાં આવતાં નથી; તમારે પૈસાની જરૂર છે અને ભાડાં જેટલો પૈસો પણ તમને મળતો નથી. આવી સ્થિતિમાં તમારે ત્યાં આવેલ ઘરાકને છેતરીને તેની પાસેથી પૈસા તમે પડાવ્યા; અને એક દિવસનું ખર્ચ પેદા કર્યું; પણ તમને ખબર નથી કે એમ કરવાથી જેટલું પેદા કર્યું તેના કરતાં વધારે તમે ખોયું. 'મેં ખોયું?' હા; તમે ખોયું; તમે તમારી દુકાનની વિરૂદ્ધ જાહેરખબર છપાવી; કારણ કે છેતરાયલું ઘરાક ફેરીથી તમારે ત્યાં કદીપણ આવશે નહીં; એટલુંજ નહિં પણ એ જયાં જયાં જશે ત્યાં ત્યાં તમારી દુકાનની વિરૂદ્ધ બોલશે એટલે બીજાં ઘરાકો પણ તમારે ત્યાં આવતાં અટકશે.

ટુંકામાં ખુનથી, ચોરીથી, લુંટફાટથી, ધમકીથી, વિશ્વાસઘાતથી વિગેરે વિગેરે ઉપાયોથી પૈસો મેળવવો તે પૈસા કમાવાનો ખરાબ ઉપાય છે.

જે પૈસો મેળવવાથી તમારી આબરૂ જાય, તમારામાં લોકોનો વિશ્વાસ ઉડી જાય, તમારી નિન્દા થાય, તમારો તિરસ્કાર થાય, અને તમારો વ્યાજનાં વ્યાજ સોતો પૈસો જાય તે પૈસો મેળવવાથી તમે કમાયા નથી; પણ ખરૂં જોતાં લૂંટાયા છો.

ત્યારે હવે પૈસો મેળવવાના ખરાબ ઉપાયો તમે જોયા અને તેનાં પરિણામો પણ તમારા ધ્યાનમાં આવ્યાં. આટલુંજ જાણવાથી બસ નથી.

પૈસા કમાવાનાં સારાં સાધનો પણ છે અને સદાને માટે સારી રીતે પૈસાદાર થવાનાં સાધનોની ખોટ નથી.

પૈસો મેળવવાના મુખ્ય ચાર સારામાં સારા ઉપાયો છે.

૧. વિદ્યાહુનર.	૩. નોકરી.
૨. વેપાર.	૪. મજૂરી.

વિદ્યા અનેક જાતની છે અને હુન્નરો પણુ અસંખ્ય છે તે-માંથી એકપણુ વિદ્યા અથવા હુન્નર સારી રીતે જાણુનાર કદીપણુ પૈસાદાર થયા વિના રહેતો નથી.

ભયંકર દરદોથી પીડાતાં દરદિઓને સાજા કરવાની શક્તિવાળા હુશિઆર ડોકટરો પુષ્કળ પૈસો પેદા કરે છે.

ન્યાયશાસ્ત્રમાં નિપુણુ વકીલો લક્ષ્મીવાન્ થયા વિના રહેતા નથી.

યંત્રશાસ્ત્રના કુશળ કારીગરો ઘણી સારી કમાણી કરે છે.

કોતરકામ જાણુનારા, દાગીના ઘડનારા, હાથની સાળથી રેશમ અને મલમલનાં કાપડ બનાવનારા, વિશાળ મકાનો બાંધનારા, વિગેરે સારા અને ઉસ્તાદ હુન્નરી લોકો થોડું કમાતા નથી.

અથાગ મહેનતથી તથા મગજની ખુબીથી ચિત્રકારોએ તૈયાર કરેલાં ચિત્રોએ ધનાઢય લોકો પાસેથી પુષ્કળ પૈસો પડાવ્યો છે.

બાઇસીકલો લક્ષ્મીબાઇને તેના હુન્નરી પાસે સહેલાઇથી લઈ જાય છે.

મોટોરકાર પૈસાદાર લોકોને રીઝાવીને પોતાના ધણીને હજારો રૂપૈઆ અપાવીને પૈસાદાર બનાવે છે. ગાયનના ઉસ્તાદો તમને ખુશી કરીને તમારી પાસેથી રૂપૈઆ લઇ જાયછે.

નાટક લખનારા અને ભજવનારા પોતાની કુશળતાથી લોકોનાં મન રંજન કરીને ઓછી લક્ષ્મી મેળવતા નથી.

વિદ્વાન પુસ્તકો લખનારા તમારા મનને જીતી લઇને અને તમને સંતોષ પમાડીને પોતાની તીજોરી તર કરે છે.

ટુંકામાં આ પ્રમાણે જેમ સંપૂર્ણુ વિદ્યા અને સંપૂર્ણુ હુન્નરનાં જ્ઞાનથી પૈસો સહેલાઇથી પેદા થઇ શકે છે તેમ વેપાર પણુ એક જાતની વિદ્યા છે અને તે વિદ્યાથી પણુ ઘણા લોકો લક્ષાધિપતિ થયા છે અને થાય છે.

તમે કહેશો કે 'વેપારથી પૈસાદાર થયેલાના કરતાં તેનાથી પાયમાલ થયેલાની સંખ્યા વધારે છે.'

કદાચ તેમ પણ હોય; પણ બરાબર તપાસ કરતાં ત-

માંરી ખાત્રી થશે કે પાયમાલીનો દોષ વેપાર માથે રહે છે તે કરતાં વેપાર કરનારની ઉપર વધારે રહે છે.

વેપાર કરવાનો હોય તે વેપાર સારી રીતે કેમ ચાલી શકે તેનું સાચું અને સંપૂર્ણ જ્ઞાન હોય; પોતાની શક્તિ ઉપરાંતનો બોજો પોતાને માથે ન્હાંખી લીધો ન હોય, અને સદ્ગુણ તથા પ્રમાણિકતાથી વેપાર ચલાવવામાં આવતો હોય તો વેપારથી કદીપણ કોઇ પાયમાલ થઇ શકે નહિ.

બીજા શબ્દોમાં કહિએ તો વેપારના દરિઆ ઉપર ચાલતાં તમારા વહાણના તમે કેપ્ટન છો; તમે જે પદવી લીધી છે તે પદવીને યોગ્ય તમારામાં જ્ઞાન અને શક્તિ છે; તોફાનમાંથી અને ખડકવાળી જગ્યાઓમાંથી હિમત, ધૈર્ય અને ધ્યાનથી તમારાં વહાણ તમે પસાર કરવા સમર્થ છો; તમારાં વહાણમાં બેઠેલાં મનુષ્યો સાથે તમે દગો રમતા નથી અને પ્રમાણિકપણે ચાલો છો; તો પછી તમારૂં વહાણ દરિઆમાં ડુબી જાય એવી બીક સ્વપ્ને પણ રાખતા નહીં, કારણ કે એ પ્રમાણે ચાલતું તમારૂં વહાણ, તમને સોનાના કિનારા ઉપર જરૂર સહિસલામત ઉતારવાનું.

'દરિઆનાં એકાએક થતાં તોફાનો માણસના હાથમાં નથી અને ઘણાં વહાણો ડુબી ગયાં છે ને જાય છે.' એમ કદાચ તમે કહેશો; પણ તમારે તે સાથે ભુલી ન જવું જોયે કે 'પી એન્ડ ઓ કંપની'ની આગબોટો મુંબઇ અને વિલાયત વચ્ચે વર્ષોનાં વર્ષો થયા ચાલે છે; તોપણ હજીસુધી એકપણ આગબોટ ડૂબી ગઈ નથી.

'પણ વીજળી તો ડૂબી ગઇ અને તેનો પત્તો પણ કયાં?' તમે ધીરા થાઓ.

તમે જાણો છો કે મજબૂત કામ લાંબા વખત સુધી ટકે છે; જે આગબોટો મજબૂત થાય છે અને જેના ચલાવનારા બાહોશ હોય છે તે આગબોટો બીજી જેવી તેવી હોડીઓના કરતાં ઓછી બૂડે છે એમ તો તમે કબૂલ કરશો નાં? અને કદાચ ધારો કે મજબૂત ગણાતી આગબોટ પણ વખતે ડૂબી ગઇ; પણ શું તેથી તે આગબોટો ચાલવાનો વ્યવહાર

બધો બંધ પડી ગયો છે? જરા પણ નહિ. લોકો સંખ્યાબંધ જાય આવે છે અને સહીસલામત કિનારે ઉતરે ચડે છે.

માટે તમે પણ તમારા વેપારનું વહાણ સર્વ રીતે મજબૂત કરો અને જ્યાંસુધી તમે હયાત છો-ત્યાંસુધી તમે દરિઆમાં બુડી જશો એવી બીક રાખીને બેશી રહેશો નહીં; વેપારથીજ પૈસો મેળવવો હોય તો તમારી પોતાની ખામીનો દોષ વેપારને આપશો નહીં. પણ વેપારથી વૈભવ મેળવવાની ઇચ્છા રાખનારે ખાસ પોતાના હૃદય ઉપર કોતરી રાખવું જોયે કે

'પ્રમાણિકતા વિના કદી પણ સ્નેહ ગંઠાવાની નથી.'

પાંચ રૂપૈઆની કીંમતની વસ્તુના તમે પચાસ રૂપૈઆ માગો તો તે તમારો માલ છે અને ઘરાકને પોસાશે તો તેવી મોટી કીંમત આપીને પણ ખરીદ કરશે; પણ તેજ વસ્તુનો એક માણસ પાસે એક ભાવ અને બીજા પાસે બીજો ભાવ એવી રીત કદી પણ રાખતા નહીં.

તમને એક આને પડતું શેર દૂધ તમે ચાર આને શેર વેચો, તેમાં તમે કોઈ જાતની અપ્રમાણિકતા કરતા નથી, પણ તેજ દૂધમાં તમે પાણી ભેળવો અને પછી ભલે ને તમે બે આને શેર વેંચો તોપણ તે કામ ખોટું છે અને તેનું પરિણામ એટલુંજ છે કે તમારા ઉપરથી તમારાં ઘરાકોનો વિશ્વાસ ઉઠી જવાનો અને તમારો ધંધો પડી ભાંગવાનો. સસ્તી વસ્તુ મોંઘે વેચવી તેમાં તમને કોઇ જાતનું કલક નથી, પણ જે વસ્તુ વેચો તેમાં તમે કોઈપણ જાતનો દગો કરો તો તેમાં તમારી આબરૂને મોટો ધક્કો લાગવાનો; અને જૂદાં જૂદાં માણસો પાસે જૂદા જૂદા ભાવ રાખવો તેપણ વેપારને નુકશાનકારક છે.

સાચી કસ્તુરી, સાચો શિલાજીત સાચું ઘી અને સાચું દૂધ વિગેરે ખાવાની અને પીવાની ઉપયોગી વસ્તુઓમાં દગો કરવાથી કમાણી થવાની નથી; પણ પ્રમાણિકપણે તેજ વસ્તુઓ સાચી વેંચવાથી ચોકસ લાભ થવાનો છે.

વેપારથી પૈસાદાર થવાની ઇચ્છા રાખનારે પ્રમાણિક થ-

વાની જરૂર છે એટલુંજ નહિ પણ તે પ્રમાણિકતા સદાકાળને માટે જાળવી રાખવાની છે. અનેક જાતના વેપાર છે અને જેમાં તમારી નજર પહોંચતી હોય તેજ કામ તમારે હાથમાં લેવાનું છે; પણ જે કામ હાથમાં લહો તે કામમાં તમારી તમામ શક્તિઓને વાપરો અને પછી જુવો કે તમારા ઘરનાં નળિઆં સોનાંનાં થાય છે કે નહીં.

નોકરી એ પૈસો પેદા કરવાનો ત્રીજો સારો ઉપાય છે.

કેટલાક લોકો નોકરીને ધિઃક્કારે છે અને હલકી માને છે પણ નોકરી એટલા બધા તિરસ્કારને પાત્ર નથી.

દુનિઆંમાં જો બધા શેઠ હોત અને નોકર કોઇ ન હોત તો દુનિઆંનો વ્યવહાર શી રીતે ચાલત એ સવાલ છે; અને જેને નોકરની જરૂર છે તેણે તો નોકરીને બિલકુલ ધિઃક્કારવાની નથી.

જેમ શરીરને આધારે મન રહે છે અને મનને આધારે શરીર રહે છે, તેમ નોકરને આધારે શેઠ અને શેઠને આધારે નોકર છે. બન્ને શેઠ અને નોકર સરખાં સારાં હોવાની સરખીજ જરૂર છે; અને બન્ને એ પોતપોતાની યોગ્ય ફરજ બજાવવાની છે.

હમ્મેશાં તિરસ્કારને પાત્ર થતો નોકર શેઠને ભાગ્યેજ ખુશી કરી શકે છે અને હમ્મેશાં સકારણ ખીજવાતો શેઠ નોકરનું ભાગ્યેજ ભલું કરી શકે છે.

જેણે નોકરીથી પૈસો મેળવવો હોય તેણે યાદ રાખવું કે ખરેખરે સદ્ગુણી થયા વિના નોકરોનાં હાંડલાં કદીપણ સીંકે ચડતાં નથી.

નોકરીમાં સહન કરવાનું ઘણું હોય છે; તેથી તથા ખરાબ શેઠ અને ખરાબ નોકરો નીવડવાથી નોકરીની હલકાઇ વિશેષ જણાય છે, પણ પ્રમાણિકપણે ચાલતા વફાદાર નોકરને પોતાની સ્થીતિથી બિલકુલ શરમાવાનું નથી. ભરોસાપાત્ર કહ્યાગરૂં માણસ મળવું એ આ જમાનામાં મોટાં અને સારાં ભાગ્યની વાત છે અને જો તમે તેવા હશો તો

તમારી કદર કોઇ દિવસ ક્યાંકપણ થવાની અને તમારી દરિદ્રતા હમ્મેશને માટે જવાની.

મજૂરી એ પૈસો મેળવવાનો ચોથો અને છેલ્લો ઉપાય છે.

નોકરીની પેઠે ઘણા લોકો મજૂરીથીપણ શરમાય છે અને તે કામ હલકું માને છે; પણ તે શરમ તદ્દન ખોટી છે.

મજૂરીથી કદીપણ કોઇએ શરમાવાનું નથી; કાળાં કર્મ કરનારા શેઠના કરતાં કોલસા ઉપાડીને પોતાનું પોષણ કરનાર કાળા હાથ અને શરીરવાળો મજૂર હજાર દરજ્જે સારો છે.

જેની પાસે પૈસો નથી, જેને મદદગારમાં મિત્રો નથી, ટુંકામાં જેનું કોઇ નથી તેની મજૂરી છે.

જન્મથીજ બધા પૈસાદાર લોકો પૈસાદાર જન્મેલા હોતા નથી; કેટલાક શ્રીમતોએ પોતાની પહેલી અવસ્થામાં મજૂરી પણ કરેલી હોય છે.

અમે કોઈ લક્ષાધિપતિને મળવા ગયા હતા તેણે અમને તેના ખભા ઉપર પડી આવેલ આંટણ દેખાડ્યુ અને કહ્યું. 'એક ગામથી બીજે ગામ લાકડાના ભારા ઉપાડીને હું વેચવા જતો તેની આ નિશાની છે.'

આ વાત ઘણીજ કીંમતી છે અને મજૂરી કરવાથી શરમાતા જવાનોને દાખલો લેવા જેવી છે.

આ ચારે ઉપાયોમાંથી એકપણ ઉપાયથી પૈસો મેળવી શકાય છે; પણ પૈસો કમાવાનો ખરો કીમીઓ તો યોગ્ય રસ્તે કરેલી—

પરસેવો ઉતાર મહેનત છે.

સીધે રસ્તે કરેલી સખત મહેનતથી પસીનાનાં ટીપાં પડ્યા વિના પૈસો પાસે આવતો નથી; અને લક્ષ્મીદેવી પોતાના સંપૂર્ણ પ્રેમની મનોહર માળા તો ખરા મહેનતુનીજ ડોકમાં પહેરાવે છે.

આ વાત જાણીને તમારે નિરાશ થવાનું નથી.

'વારસામાં દોલત આવી મળશે, સટ્ટામાં સરખો પાસો પડશે, કે લોટરીમાં મોટું ઇનામ મળી જશે અને તમારે મહેનત નહિ કરવી પડે.'